# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-12-2024 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## આર.બી.આઈ એગ્રીકલ્ચર લોન:

**ભારતીય રિઝર્વ બેંકે જામીન વગરની કૃષિ ધિરાણની મર્યાદા 1 લાખ 60 હજાર રૂપિયાથી વધારીને 2 લાખ રૂપિયા કરવાનો નિર્ણય કર્યો છે.**

**આ નિર્ણય આવતા વર્ષે પહેલી જાન્યુઆરીથી લાગુ થશે. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે જણાવ્યું છે કે તેનો ઉદ્દેશ્ય ખેડૂતોને વધુ સારી નાણાકીય સુવિધાઓ પૂરી પાડવાનો છે. આ નિર્ણયથી ખેડૂતો પર મોંઘવારી અને ખેતીના વધતા ખર્ચની અસરમાં ઘટાડો થશે.**

---------------------------------------------------------------------------------------

## રાજ્ય પોલીસ: તેરા તુજકો અર્પણ

"તેરા તુજ કો અર્પણ"ના બે વર્ષમાં બે હજાર ૮૦૨ કાર્યક્રમો યોજી ગુજરાત પોલીસે ૧૮૦ કરોડ રૂપિયાથી વધુ કિંમતનો મુદ્દામાલ મુળ માલિકોને પરત કર્યો. મંદિર ચોરીના ૬૫ ગુનાઓ ઉકેલીને ૧૩૦ આરોપીઓને પકડવામાં આવ્યા તેમજ ૧ કરોડ ૫૭ લાખ રૂપિયાનો મુદ્દામાલ મુળ માલિકોને પરત કરવામાં પોલીસને સફળતા મળી હતી.

પોતાની ચોરાયેલી-ખોવાયેલી કે રિકવર/કબજે કરેલી ચિજવસ્તુ પરત મેળવવા મૂળ માલિકોએ હવે પોલીસ સ્ટેશનના ધક્કા ખાવા નથી પડતા. આ કાર્યક્રમ અંતર્ગત લોકો માટે જાહેર કાર્યક્રમ-લોક દરબાર યોજીને મૂળ માલિકોને તેમનો મુદ્દામાલ પરત કરવામાં આવી રહ્યો છે.

---------------------------------------------------------------------------------------

## ખોરાક અને ઔષધ નિયમન:

તમામ હોસ્પિટલોની ઇન હાઉસ મેડીકલ સ્ટોરના સંચાલકોને આ હોસ્પિટલના દર્દીઓએ અહીંથી દવા ખરીદવી ફરજીયાત નથી " તેવા સાઈન બોર્ડ લગાવવા પડશે.

રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડોક્ટર હેમંત કોશિયાએ જણાવ્યું હતું કે, રાજ્યના નાગરિકો ને જીવન જરૂરી દવાઓ શુદ્ધ અને ગુણવત્તા યુક્ત અને યોગ્ય ભાવે મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટિબદ્ધ છે. ત્યારે ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓ હોસ્પિટલના જ મેડિકલ સ્ટોરમાંથી દવા ખરીદવા દર્દીઓને ફરજ પાડી શકશે નહીં..

---

## કચ્છ મતદારયાદી સુધારણા ઝુંબેશ:

કચ્છ સહિત રાજ્યમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઇને તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવાઇ છે. તાજેતરમાં હાથ ધરાયેલી ખાસ સંક્ષિપ્ત મતદારયાદી સુધારણા ઝુંબેશમાં કચ્છમાં 24 હજાર 246 લોકોએ ભાગ લીધો હતો..

જેમાં 18, 19 વર્ષના 6 હજાર 171 યુવાનોએ નામ નોંધણી કરાવીને આગામી ચૂંટણીમાં પ્રથમ વખત મતદાન કરશે. તાજેતરમાં હાથ ધરાયેલી મતદારયાદી સુધારણા ઝુંબેશ દરમ્યાન વિધાનસભા મત ક્ષેત્ર મુજબ વિવિધ સુધારા માટે ફોર્મ ભરાયા હતા. જેમાં મતદારયાદીમાં નામ નોંધણી માટે ફોર્મ નં.6 અબડાસામાં બે હજાર 233, માંડવી બે હજાર 476, ભુજ બે હજાર 483, અંજાર બે હજાર સાત, ગાંધીધામ બે હજાર 104 અને રાપરમાં એક હજાર 668 મળી કુલ 12 હજાર 971 ફોર્મ ભરાયા હતા, જેમાં 18-19 વર્ષના 6 હજાર 171 મતદારોનો સમાવેશ થાય છે.

---

## કચ્છ-રક્તપિત મુક્ત અભિયાન:

**રાજય સરકાર દ્વારા કચ્છ જીલ્લાને રક્તપિત મુક્ત કરવાનું અભિયાન છેલ્લા બે વર્ષથી ચલાવવામાં આવી રહ્યુ છે. જેના ભાગરૂપે જીલ્લાના જે ગામમાં છેલ્લા પાંચ વર્ષમાં રક્તપિતનો દર્દી**

નોંધાયો હોય તેવા ગામોમાં ડોર ટુ ડોર સર્વેલન્સની કામગીરી આરોગ્ય વિભાગ દ્વારા તારીખ 12 થી 21મી ડીસેમ્બર 10 દિવસ સુધી સર્વેની કામગીરી કરવામાં આવશે. જેમાં આરોગ્યની 93 ટીમો બનાવીને ડોર ટુ ડોર સર્વેની કામગીરી કરાઈ રહી છે.કચ્છના દસેય તાલુકામાં આરોગ્યની ટીમો દ્વારા પરિવારોના સભ્યોના શરીર ઉપર રક્તપિતના લક્ષણો છે કે નહી તેની તપાસ કરીને શંકાસ્પદ દર્દીઓને શોધીને તેની લેબોરેટરી તપાસ સહિતની કામગીરી કરાઈ રહી છે.

-----------------------------------------------------------------------------------

## કચ્છ-ઠારમાં વધારો:

કચ્છમાં ડંખીલા વાયરાના પગલે ઠાર વધ્યો છે. લઘુત્તમ તાપમાનમાં ઘટાડા સાથે ઠંડો વાયરો ફુંકાતા આજે દિવસભર વાતાવરણ ઠંડુ રહ્યુ હતું. ઠારના પગલે જનજીવન પ્રભાવિત થયુ છે. છેલ્લા ઘણા દિવસોથી રાજ્યના સૌથી વધુ શીત મથક રહેલા નલિયાનું લઘુત્તમ તાપમાન આજે 6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતું.જયારે ભુજનું 11.2 અને કંડલાનું 14 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયુ હતું. હવામાનશાસ્ત્રીઓ હાલ ઠંડી યથાવત રહેવાની આગાહી કરી રહ્યા છે.

-----------------------------------------------------------------------------------

## કચ્છ યુનિ.પદવીદાન સમારોહ:

આગામી તારીખ 18મી ડિસેમ્બરે કચ્છ યુનિવર્સિટીનો 14મો પદવીદાન સમારોહ યોજવામાં આવશે.જેને લઈને તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. મળતી માહિતી મુજબ યુનિવર્સિટીના કુલાધિપતિ અને રાજયપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં યોજાનારા પદવીદાન સમારોહમાં કુલ 5,530 વિધાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવશે. જેમાં 38 છાત્રોને ગોલ્ડ મેડલ એનાયત કરાશે.

-----------------------------------------------------------------------------------

## ભચાઉ-એકલધામ વાગડ ઉત્સવ:

પૂર્વ કચ્છમાં આવેલા વાગડ વિસ્તારની ભાતિગળ લોકકલા અને સંસ્કૃતિથી લોકો અવગત થાય તેમજ પૂર્વ કચ્છમાં પણ પ્રવાસનને વેગ મળે તેવા આશય સાથે ભચાઉ તાલુકાના ભરૂડિયા ગામ પાસે આવેલા એકલ માતાનાં મંદિર ખાતે વાગડ ઉત્સવનું આયોજન આવતીકાલે રવિવારે એકલધામ ખાતે કરાયું છે. આ વાગડ ઉત્સવમાં અનેક કલાકારો ભાગ લેશે.

---

## લોક અદાલત:

જિલ્લા કાનુની સેવા સત્તામંડળ-જિલ્લા ન્યાયાલય ભુજ દ્વારા આ વર્ષની ચોથી અને છેલ્લી રાષ્ટ્રીય લોકઅદાલત યોજવામાં આવી હતી.જિલ્લાના મુખ્ય ન્યાયધીશની અધ્યક્ષતામાં મળેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં 7500 પેન્ડિંગ કેસો મુકાયા હતા. તેમા સમાધાન થઈ શકે તેવા કેસો ફોજદારી,સિવિલ દાવા,માંગણીની રકમ,પીજીવીસીએલના બીલો,લગ્ન જીવન તકરાર, ચેક પરત કેસો મુકવામાં આવ્યા હતા. તેમાં સમાધાન થઈ શકે તેવા 6 હજાર કેસોનો નિકાલ થઈ જશે તેવુ અનુમાન છે. આ લોક અદાલતમાં 10 જેટલી સંસ્થાઓ, કંપનીઓએ ભાગ લીધો હતો.

---